દિવ્ય ભાસ્કર, પાના નંબર :- ૦૨

તારીખ :- ૨૭/૧૨/૨૦૨૬

180 કિમીની ઝડપના પવન સામે ટકી શકે તેવી છત, સોલારથી સજ્જ હશે

ગ્યાસપુર, એપેરલ પાર્ક બાદ શેલામાં મેટ્રોનો ડેપો-કંટ્રોલ સેન્ટર બનાવાશે

2030 સુધીમાં કામ પૂરું કરાશે, પશ્ચિમમાં મેટ્રો કનેક્ટિવિટી મજબૂત બનશે

ભાસ્કર ન્યૂઝ | અમદાવાદ

ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન દ્વારા ગ્યાસપુર, એપેરલ પાર્ક પછી હવે શેલામાં અંદાજે 165.65 કરોડના ખર્ચે મેટ્રો ટ્રેન માટે નવો અદ્યતન ડેપો બનાવાશે. વર્ષ 2030 સુધીમાં ડેપોનું કામ પૂરું કરવાનો લક્ષ્યાંક છે.

આ ડેપો તૈયાર થવાથી મેટ્રોના આગામી ફેઝ-3ના ટ્રેન સંચાલનને મોટો ટેકો મળશે. પરિસરમાં મેટ્રો નેટવર્કનું મુખ્ય કંટ્રોલ સેન્ટર અને વહીવટી ઈમારત ઊભી કરાશે, જ્યાંથી સમગ્ર મેટ્રો લાઈનનું 24 કલાક ડિજિટલ મોનિટરિંગ અને સિગ્નલિંગ સંચાલન શક્ય બનશે.

મેટ્રોના મોનિટરિંગ માટે કંટ્રોલ સેન્ટર બનાવાશે

- શેલામાં બનનારા ડેપોથી પશ્ચિમ વિસ્તારના સ્ટેશનો પરથી વહેલી સવારે વધુ ટ્રેનો ઝડપથી રવાના કરી શકાશે, જેથી નોકરિયાતો અને વિદ્યાર્થીઓને સમયસર અવર-જવર કરવામાં સરળતા રહેશે.
- 24 કલાક ડિજિટલ મોનિટરિંગ માટે ઓપરેશન કંટ્રોલ સેન્ટર બનવાથી ટ્રેનો-ની આવન-જાવન પર સતત નજર રાખી શકાશે.
- ઓટોમેટિક કોચ વોશિંગ પ્લાન્ટ અને હાઈટેક મેન્ટેનન્સ વર્કશોપના કારણે ટ્રેનોની સફાઈ અને ટેકનિકલ ફિટનેસ ઉત્તમ રહેશે.

આ ઉપરાંત, ટ્રેનોના પાર્કિંગ અને રાત્રિ રોકાણ માટે અંદાજે 9,609 ચોરસ મીટરથી વધુ વિસ્તારમાં સ્ટેબલિંગ યાર્ડ બનાવાશે, જેનાથી પશ્ચિમ વિસ્તારના સ્ટેશનો પરથી વહેલી સવારે વધુ ટ્રેનો ઝડપથી રવાના કરી શકાશે. મેક ઇન ઇન્ડિયા અંતર્ગત તૈયાર થયેલી સામગ્રી અને ભારતીય સાધનોનો ઉપયોગ કરાશે. આ ઉપરાંત 180 કિમી પ્રતિ કલાકની પવનની ઝડપ સામે ટકી શકે તેવી છત તૈયાર કરાશે. ગ્રીન એનર્જી માટે સોલર પેનલ્સથી વીજળી માટેનું પણ આયોજન કરાયું છે.